Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો ●
બલ્ડ પ્રોડકટની દવાઓ તથા ઈન્જેકશન
Wholesale | Retail | Export | Import
(Call & Whatsapp) 9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

|| શ્રી ગણેશાય નમઃ ||

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS
Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૨ ● અંક : ૧૭ ● સળંગ અંક : ૧૧૦૫ ● પ્રકાશિત તા-૬-૩-૨૦૨૬,શુક્રવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪
તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

## અમદાવાદીઓને રાહત :

# સુભાષબ્રિજ રિપેરિંગ બાદ ટુવ્હીલરો અને હળવા વાહનો માટે શરૂ થશે

અમદાવાદ : અમદાવાદના ટ્રાફિકની જીવાદોરી સમાન અને સાબરમતી નદી પરના મહત્વપૂર્ણ સુભાષ બ્રિજ અંગે મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીએ એક મોટો નિર્ણય લેતા ૨૩૬ કરોડ રૂપિયાના ખર્ચે તેના રીડેવલપમેન્ટ અને વિસ્તરણના પ્રોજેક્ટને મંજૂરી આપી દીધી છે.હયાત સુભાષબ્રિજને રિપેરિંગ કરીને આગામી ૯ મહિનામાં ટુ વ્હીલરો અને હળવા વાહનો માટે શરૂ કરી દેવામાં આવશે. જાન્યુઆરી ૨૦૨૭ સુધીમાં સુભાષબ્રિજ વાહનચાલકો માટે શરૂ કરી દેવામાં આવશે.

સુભાષબ્રિજના રીડેવલપમેન્ટ અને નવા બે લેન સાથે નવો બનાવવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. જેમાં અંદાજિત રકમ રૂ. ૨૩૨ કરોડ હતી જેમાં ૧.૫ ટકા વધીને રૂ. ૨૩૬ કરોડના ખર્ચે મંજૂરી આપવામા આવી છે. સુભાષબ્રિજને રીડેવલપમેન્ટ કરવામાં આવનાર છે, જેમાં હયાત બ્રિજના સુપર સ્ટ્રક્ચરને તોડીને નવું બનાવવામાં આવશે જે પિલ્લર છે અને સબ સ્ટ્રક્ચર છે તેને મજબૂત બનાવવામાં આવશે.



મળતી માહિતી મુજબ, હયાત સુભાષ બ્રિજને તોડી પાડી નવો બ્રિજ બનાવવાનું કામ બે ફેઝમાં પૂર્ણ થશે. ફેઝ-૧ની કામગીરીમાં હયાત બ્રિજના સુપર સ્ટ્રક્ચરને તોડી પાડી તેને સ્ટીલ સ્ટ્રક્ચરથી રિપ્લેસ કરવાની કામગીરી હાથ ધરાશે. ફેઝ ૧માં હયાત સબ સ્ટ્રક્ચર અને ફાઉન્ડેશનને સ્ટ્રેન્થનિંગ કરવાની કામગીરી કરવામાં આવશે. કમ્પોઝિટ સ્ટીલ ગર્ડર ટાઈપનું સુપરસ્ટ્રક્ચર તૈયાર કરાશે. જ્યારે ફેઝ-૨માં હયાત બ્રિજની બંને બાજુના લેવલે ૨-૨ લેનના નવા બ્રિજ (આઈકોનિક સ્ટીલ સ્ટ્રક્ચર ફસાડ લાઈટિંગ સાથે)ના નિર્માણ કરવાની કામગીરી હાથ ધરાશે. આ માટે ટેન્ડરની રકમ રૂ. ૨૩૬,૦૦,૦૦,૦૦૦ (જી.એસ.ટી સિવાય) ઈ.પી.સી ટેન્ડર નક્કી કરાઈ છે, જ્યારે સંપૂર્ણ પ્રોજેક્ટ અંદાજે રૂ.૩૧૬,૩૯,૫૭,૦૪૩ના ખર્ચે પૂર્ણ થવાનો તથા સંપૂર્ણ કામ ૨૪ મહિનામાં પૂર્ણ થવાનો અંદાજ લગાવાયો છે.

ફેઝ ૧માં બ્રિજ બનાવવાની કામગીરી માટે ૯ માસની સમયમર્યાદા તથા ફેઝ-૨માં બંને બાજુ નવા ૨+૨ લેનના સેપરેટ સ્ટ્રક્ચરના બ્રિજ બનાવવાની કામગીરી સાથે કુલ ૨૪ માસના સમયમાં કામગીરી પૂર્ણ કરવાનું AMCએ આયોજન કર્યું છે. ત્યારે ૯ માસમાં ફેઝ ૧નું કામ પૂર્ણ થતા સુભાષ બ્રિજ પર ફરી એકવાર રાબેતા મુજબ વાહનવ્યવહાર શરૂ થતા અમદાવાદીઓને ટ્રાફિકની સમસ્યામાંથી રાહત મળશે.

નવા વાડજમાં ભવ્ય શુભારંભ
ચશ્મા કે ગોગલ્સનો આધુનિક શો-રૂમ
Janam OPTICS
Chashme ka adda
શુભારંભ નિમિત્તે ખાસ ઓફર
Rs 1199/- માં બે ફ્રેમ બ્લુ કટ ગ્લાસ સાથે...
20 થી 50 % બ્રાન્ડેડ ચશ્મા સાથે ડિસ્કાઉન્ટ
શોપ-૧, આદિત્ય આઈકોન, ત્રીશા હોસ્પીટલની ગલીમાં, મિર્ચી મેદાન, નવા વાડજ, અમદાવાદ-૧૩.
શિવ મહેતા M : 91046 96975

મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી

Dr. RAVI'S Diabetes & Endocrinology Centre
UNIT OF JIGISHA HOSPITAL
Dr. Ravi Shah
MD (Medicine),DM (Endocrinology),
MRCP UK SCE (Endocrinology)
Consultant Endocrinologist
SUPER SPECIALIST DOCTOR FOR DIABETES, THYROID, AND OBESITY
❖ Type 1 & Type 2 Diabetes In People Of All Ages
❖ Diabetes Complications Management
❖ Type 1 Diabetes, Insulin Pump & Continuous Glucose Monitoring
❖ All Types Of Thyroid Disorders
❖ Diabetes And Thyroid Problems In Children And During Pregnancy
❖ Pcos ( Polycystic Syndrome)
❖ Short Height And Pubertal Disorders In Children
DR.RAVI SHAH
MD (Medicine),DM (Endocrinology),
MRCP UK SCE (Endocrinology)
Consultant Endocrinologist
Morning: 8:30 AM to 9:30 AM
Evening: 4:00 AM to 8:00 PM
Dr. SHIKHA'S Skin Clinic
SKIN · HAIR · LASERS · AESTHETICS
UNIT OF JIGISHA HOSPITAL
Dr. Shikha Shah
MD (Gold Medalist), DNB (Gold Medalist)
MRCP UK SCE (Dermatology)
Consultant Dermatologist
Specialist in Skin and Hair Problems
☑ Skin diseases like eczema, vitiligo psoriasis, fungal infections
☑ Pimples and Acne Treatment
☑ Pigmentation / Dark Spots
☑ Laser Hair Removal
☑ Anti-aging, Peels, Botox, Fillers
☑ Hair Fall Solutions Derma Roller, PRP, GFC Treatments
☑ Pediatric skin diseases
DR.SHIKHA SHAH
MD (Gold Medalist)
DNB (Gold Medalist)
MRCP UK SCE (Dermatology)
Consultant Dermatologist
OPD Timing: Evening 5 PM to 8 PM
For Appointment : 97370 54800
Shivalik Square, 301-C, Nr. Adani CNG Station, Ramapir Thekra, Nava Vadaj, Ahmedabad, Gujarat 380013

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગનનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેકશન
દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીગ કરી આપવામાં આવશે
● મુગટ ● ગાદી સેટ ● પારણાં ● સિંહાસન ● મોરલી ● કુંડળ
માતાજીનો શણગાર ● ફેન્સી ચુંદડી ● પવિત્રા ● લેટેસ્ટ હાર ● સ્પે. અત્તર
● સુગંધીદાર અગરબત્તી ● ધુપ-યંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-યંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે, સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં,નવા વાડજ, અમદાવાદ
M: 9978274760

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## અમદાવાદમાં એસટી બસો અને લક્ઝરી બસને 'નો એન્ટ્રી' નિર્ણય આવકારદાયક, પણ

# 'મોતના સોદાગર' સમાન ભારે વાહનોને છૂટો દોર કેમ?



અમદાવાદ : શહેરના ટ્રાફિકને હળવો કરવા અને અકસ્માતો ઘટાડવા માટે સરકાર અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એસટી (ST) અને લક્ઝરી બસોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાના નિર્ણયને જનતાએ આવકાર્યો છે. પરંતુ, સિક્કાની બીજી બાજુ એ છે કે જે વાહનો ખરેખર જીવલેણ અકસ્માતો માટે જવાબદાર છે, તેવા ડમ્પર, કન્ટેનર અને મિક્સર મશીનો હજુ પણ શહેરના માર્ગો પર 'માતેલા સાંઢ'ની જેમ ફરી રહ્યા છે.

શું માત્ર બસો જ ટ્રાફિક કરે છે?
તંત્રના નિર્ણય સામે સવાલ ઉઠી રહ્યો છે કે શું શહેરની ટ્રાફિક સમસ્યા માટે માત્ર મુસાફર બસો જ જવાબદાર છે? આંકડાઓ સાક્ષી છે કે શહેરમાં થતા ગંભીર અકસ્માતોમાં મોટાભાગે રેતી-કપચીના ડમ્પરો, કોર્પોરેશનના કચરાના વાહનો અને વિશાળ કન્ટેનરો સંડોવાયેલા હોય છે. આ વાહનો નો-પાર્કિંગ ઝોનમાં અને જાહેર રોડ પર અડિંગો જમાવીને ઊભા રહે છે, છતાં તેમની સામે કાર્યવાહી કેમ થતી નથી?

'પરમિશન' ના નામે જોખમી ખેલ
પોલીસ તંત્રનું કહેવું છે કે આ ભારે વાહનો પરમિશન સાથે ફરે છે. પરંતુ અહીં પ્રશ્ન એ થાય છે કે:
શું પરમિશન મળવાથી આ વાહનોની સ્પીડ કે અકસ્માતનું જોખમ ઘટી જાય છે?
બાંધકામના વાહનો (JCB, ક્રેન, મિક્સર) પીક અવર્સમાં વ્યસ્ત રોડ પર કઈ રીતે ફરી શકે?
જાહેરનામું હોવા છતાં ખાનગી લક્ઝરી બસો કયા 'વહીવટ'ને કારણે શહેરમાં બેરોકટોક પ્રવેશે છે?

સામાન્ય નાગરિક મુંઝવણમાં: પરમિશન છે કે નહીં તે કેવી રીતે ઓળખવું?
સામાન્ય જનતા માટે એ ઓળખવું અશક્ય છે કે રસ્તા પર દોડતું ભારે વાહન કાયદેસરની પરમિશન સાથે છે કે ગેરકાયદે.
કોઈ સ્પષ્ટ સ્ટીકર કે ઓળખ નથી: પરમિશન વાળા વાહનો પર કોઈ વિશિષ્ટ માર્કિંગ હોતું નથી.
ડિજિટલ ટ્રેકિંગનો અભાવ: કયા વાહનને કયા રૂટની પરમિશન છે તેની માહિતી જાહેર પ્લેટફોર્મ પર ઉપલબ્ધ નથી.
નિયમોનું ઉલ્લંઘન: ઘણીવાર પરમિશન એક ચોક્કસ સમયની હોય છે, પરંતુ વાહનો આખો દિવસ દોડતા જોવા મળે છે.
જો અમદાવાદને ખરેખર સુરક્ષિત બનાવવું હોય, તો માત્ર પેસેન્જર બસોને રોકવાથી કંઈ નહીં વળે. તંત્રએ ડમ્પર, ટેન્કર અને કન્ટેનર જેવા ભારે વાહનો માટે કડક સમયમર્યાદા નક્કી કરવી પડશે અને પરમિશનની પ્રક્રિયાને પારદર્શક બનાવી જાહેર જનતા માટે ઉપલબ્ધ કરાવવી પડશે. અન્યથા, આ 'મોતના સોદાગરો' નિર્દોષ નાગરિકોનો ભોગ લેતા રહેશે.

### તંત્ર સામેના તીખા સવાલો

કોની મહેરબાની: શું મોટા કોન્ટ્રાક્ટરો અને ટ્રાન્સપોર્ટરો સામે કાર્યવાહી કરતા તંત્રના હાથ ધ્રૂજે છે?
પાર્કિંગ માફિયા: રોડ પર ગેરકાયદે પાર્ક થતા કન્ટેનરો સામે 'ટોઈંગ'ની કામગીરી કેમ ઠપ્પ છે?
ભ્રષ્ટાચારની આશંકા: શું 'પરમિશન' ના નામે માત્ર કાગળ પર જ નિયમો ચાલે છે અને વાસ્તવિકતામાં 'વહીવટ' ચાલે છે?

## અમદાવાદમાં ભરવાડ સમાજ દ્વારા ભવ્ય ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

# નવા વાડજ ગામની ટીમ વિજેતા થઈ, એક કિલો ચાંદીની ટ્રોફી અપાઈ

(માનવ જોષી દ્વારા) અમદાવાદ : પૌરાણિક સમયથી જે જ્ઞાતિઓએ કૃષ્ણ ભગવાનના પશુપાલનના વ્યવસાયને જીવન નિર્વાહ માટે પસંદ કર્યો, તેવા ભરવાડ સમાજ પણ સાંપ્રત સમયમાં શિક્ષણ, કલા રમતગમત તથા સામાજિક ઉત્થાન ક્ષેત્રે ખૂબ જ કાર્યશીલ છે..આ કથનને સાર્થક કરતી એક ઉત્કૃષ્ટ ક્રિકેટ ટુર્નામેન્ટ ભરવાડ સમાજ દ્વારા વિજયનગર સ્કૂલ પાસે રૂપલપાર્કના મેદાન પર યોજાઈ ગઈ.

**શ્રી જયંતીભાઈ સુરાભાઈ ભરવાડ, શ્રી કાળુભાઈ ભરવાડ, શ્રી મુકેશભાઈ ભરવાડ તથા આ સિવાય ઘણા સમાજના આગેવાનોએ આ ક્રિકેટ ટુર્નામેન્ટને આર્થિક અને માનસિક પીઠબળ પૂરું પાડ્યું.**

ભરવાડ સમાજના નિખિલ, ગૌરવ, અક્ષય અને રૂપેશ ભરવાડ જેવા ઉત્સાહી યુવાનોએ સમાજને એકત્ર કરવાનું અને ક્રિકેટના માધ્યમથી સમાજને જાગૃત કરવાનું ઉત્તમ કાર્ય હાથમાં લીધું..અલગ અલગ ગામની ૩૨ ક્રિકેટ ટીમોએ આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લીધો.. દરેક ક્રિકેટ ટીમને આયોજકો તરફથી ટીશર્ટ એક વિશેષ ઓળખ તરીકે વહેંચવામાં આવી..



ફાઈનલમાં નવા વાડજ ગામની ટીમના ભવ્ય વિજય બાદ મોટી સંખ્યામાં સમાજના યુવાનોએ નારણપુરા પ્રગતિનગરથી લઈને નવા વાડજ ગામ સુધી બાઈક રેલી કાઢી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ૧૬ દિવસ ચાલેલી આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ખેલદિલીની ઉત્તમ ભાવનાના દર્શન થયા. શ્રી જયંતીભાઈ સુરાભાઈ ભરવાડ, શ્રી કાળુભાઈ ભરવાડ, શ્રી મુકેશભાઈ ભરવાડ તથા આ સિવાય ઘણા સમાજના આગેવાનોએ આ ક્રિકેટ ટુર્નામેન્ટને આર્થિક અને માનસિક પીઠબળ પૂરું પાડ્યું.. ટુર્નામેન્ટની વિજેતા ટીમ વાડજ ગામની ક્રિકેટ ટીમને એક કિલો ચાંદીની ટ્રોફી, તથા મેન ઓફ ધ સિરીઝ બનનાર ખેલાડીને ૪૦૦ ગ્રામની ચાંદીની ટ્રોફી ઉપસ્થિત આગેવાનો દ્વારા અર્પણ કરવામાં આવી..

ટુર્નામેન્ટના મુખ્ય આયોજક એવા શ્રી નિખિલભાઈ ભરવાડનું કહેવું છે કે,અમારો મુખ્ય ઉદ્દેશ્ય સમાજના યુવાનો ભેગા થાય અને ભવિષ્યમાં ભરવાડ સમાજ ભણતરની સાથે વ્યક્તિત્વ-વિકાસના દરેક પાસાનો વિકાસ કરે એવો હતો.. સમગ્ર ટુર્નામેન્ટના આયોજન, સંચાલન અને પૂર્ણાહુતિ સમયે અમારા ધ્યેયને સાર્થક કરનારો ભાવ સમાજના દરેક વ્યક્તિના ચહેરા પર સ્પષ્ટ છલકાતો હતો..

શું આપ આપના બાળકને
ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....
અક્ષર
પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.

ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

100% PURE VEG
PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫

અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.


NIRMAN REALTY
Looking to Redevelop Your Building?
Trust the Experts at Nirman Realty!
Transparent deal
Expert team
10+ years experience in redevelopment
Associated with well-known & experienced developers
Good knowledge about legality & land revenue
Other service :
Land
Jv Project
Property
nirmanrealty
Nirman Realty
https://nirmanrealty.in
MEMBERS OF
ARA NAR Registered in : RERA
For any query & inquiry
+91 9601772777


## બે લાખમાંથી માત્ર ૮૩ હજાર રિક્ષામાં જ સ્ટીકર લગાવાયા

# શહેર પોલીસના "માય ઓટો સેફ ઓટો" અભિયાનને બ્રેક..!?

### અત્યાર સુધી રિક્ષામાં સ્ટીકરને કારણે અનેક ગુનાઓ ડીટેકટ થયા હોવા છતાં કેટલાક વાહનમાલિકોએ સ્ટિકર ન લગાવ્યા છતાંય બિન્દાસ્ત ફરે છે તાજેતરમાં બે બનાવો પણ બન્યા

અમદાવાદના રોડ રસ્તા પર ફરતી રીક્ષાઓ શહેરની ઓળખ સમાન છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી રીક્ષામાં બેસતા પેસેન્જરો લુંટાતા હોવાના બનાવો સતત વધી રહયા હતા.આ પ્રકારના બનાવો રોકવા માટે શહેર પોલીસે ગત ડીસેમ્બર માસથી માય ઓટો સેફ ઓટો નામનો નવતર પ્રયોગ હાથ ધર્યો હતો. જે અંતર્ગત શહેરમાં ફરતી રીક્ષાઓના માલીક અને ચાલકોની તમામ વિગતોવ પોલીસ સ્ટેશનના રેકર્ડમાં કેદ કરવામાં આવી રહી છે. પોલીસના આ અભીયાનમાં રીક્ષાની તમામ વિગતો મેળવી લીધા બાદ તે રીક્ષાને એક નંબર આપવામાં આવે છે. અને તે નંબર વાળુ સ્ટિકર રીક્ષાની ફરતે લાગવામાં આવે છે. પેસેન્વજર ધ્યાનમાં રહે તેવા નંબર ધરાવતું આ સ્ટિકર હકીકતમાં લોકોની સુરક્ષા માટે લાભદાયક હોવાનું મનાઈ રહયું છે. કોઈ પણ બનાવ બંને ત્યારે પોલીસ પણ એક નંબર આધારે ગણતરીના સમયમાં રીક્ષા ચાલક સુધી પહોચીને ગુનાનો ભેદ ઉકેલવા સક્ષમ બની રહેશે. શહેરમાં ફરતી આશરે બે લાખથી વધુ રીક્ષાઓમાંથી હાલ સુધીમાં માત્ર ૮૩૭૭૦ રીક્ષામાં જ સ્ટિકર લાગ્યા હોવાનું સામે આવ્યું છે. આમ અનેક રિક્ષામાલીકોએ સ્ટિકર ન લગાવ્યા હોવા છતાંય બિન્દાસ્ત રોડ પર ફરી રહયા છે. ઉલ્લેખનીય છેકે આ પ્રોજેકટ હાથ ધરાયા બાદતાજેતરમાં બે પેસેન્જરને લુંટવાના બે કિસ્સા પણ બની ચુકયા હતા. લોકો રીક્ષામાં સવારી કરે છે ત્યારે હકીકતમાં સુરક્ષીત સવારી બની રહે તે માટે અમદાવાદ શહેર પોલીસે નવતર પ્રયોગ હાથ ધર્યો હતો. શહેરની જીવનરેખા સમાન રીક્ષા સવારી પણ સુરક્ષીત હોવી જરૂરી હોવાનું પોલીસ માની રહી છે. જેનેલઈને શહેરની તમામ રીક્ષાઓના ચાલકોને એક નંબર આપવામાં આવી રહયો હતો. જેમાં માલીક ભાડુઆત અને ચાલકની તમામ પ્રકારની ઓળખની વિગતોની પોલીસ નોધણી કરીહતી. જે નોધણી કરીને આપવામાં આવતા નંબર વાળુ સ્ટિકર પોલીસ સ્ટેશનના નામે સાથે રીક્ષા પર લગાવવાનું આ કામ જોરશોરથી ચાલી રહયું હતું. પરંતુ હમણાંથી બે લાખથી વધુ રીક્ષાઓ છે. પરંતુ પોલીસે શરૂ કરેલા પ્રોજેકટ અંતર્ગત માત્ર ને માત્ર ૮૩,૭૭૦ રીક્ષામાં જ આ સ્ટિકર લાગ્યા હોવાથી ગુનેગારો ફરી સક્રીય થયા છે. તાજેતરમાં બે બનાવો પણ બની ચુકયા હતા જેમાં મુસાફરોની કિમતી મતા લુંટાઈ હતી. એકતરફ લોકોની સુરક્ષાની ચિંતા કરતી પોલીસે શરૂ કરેલા પ્રોજેકટ પર હાલ બ્રેક વાગી ગઈ હોય તેવો ઘાટ ઘડાયો છે.

## AMC ના ફૂડ વિભાગે દુકાન સીલ કરી..

# અમદાવાદમાં સી.જી રોડ પર દુકાનમાં ચણાપૂરીમાંથી મૃત ગરોળી નીકળી

અમદાવાદ : શહેરમાં ખાણીપીણીના એકમો અને હોટલ રેસ્ટોરન્ટમાં ખાદ્ય પદાર્થોની ચીજ વસ્તુઓમાંથી જીવાત અને અન્ય વસ્તુઓ નીકળવા અંગેની ફરિયાદો સામે આવતી હોય છે ત્યારે શહેરના સી.જી રોડ પર મ્યુનિસિપલ માર્કેટમાં આવેલા Wah પીઝા એન્ડ ભેળ હાઉસમાં ગ્રાહકના ચણાપુરીમાંથી મૃત ગરોળી નીકળી હતી.

ગ્રાહકે મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગને ફરિયાદ કરી હતી. જેથી ફૂડ વિભાગની ટીમ તાત્કાલિક દુકાન ઉપર પહોંચી હતી જ્યાં તપાસ કરતા અનહાઈજેનિક કન્ડિશન મળી આવી હતી તેમજ ડીપ ફ્રીઝરમાં પણ જીવિત જીવાતો જોવા મળી હતી. દુકાનમાં ગંદકી અને મૃત ગરોળી નીકળતા દુકાનને તાત્કાલિક ધોરણે સીલ કરવા ની કાર્યવાહી કરવામાં આવી છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગના જણાવ્યા મુજબ આજે ૫ માર્ચના રોજ બપોરે ૧૨:૩૦ વાગ્યાની આજુબાજુ એક વ્યક્તિએ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ટેલિફોનિક ફરિયાદ કરી હતી કે, શહેરના સી.જી. રોડ ઉપર મ્યુનિસિપલ માર્કેટમાં Wah પીઝા એન્ડ ભેળ હાઉસમાં ચણાપુરીમાંથી મૃત ગરોળી નીકળી છે. જેના તેમણે ફોટોગ્રાફસ લઈ લીધા હતા. ફરિયાદ મળતાની સાથે જ કોર્પોરેશનના ફૂડ સેફટી ઓફિસર તાત્કાલિક દુકાન ખાતે પહોંચ્યા હતા. દુકાને પર પહોંચી અને ગ્રાહકને મળી તપાસ કરતા ચણાપુરીમાં મૃત ગરોળી જોવા મળી હતી, તેમાં ફોટોગ્રાફસ પણ બતાવવામાં આવ્યા હતા અને સ્થળ તપાસ કરતા વાત સાચી હોવાનું સામે આવ્યું હતું.

ચણાપુરી જેવી ખાદ્ય પદાર્થની ચીજ વસ્તુમાંથી મૃત ગરોળી નીકળી હતી, જેના આધારે ફૂડ વિભાગ દ્વારા દુકાનમાં તપાસ કરવામાં આવતા ખૂબ જ ગંદકી જોવા મળી હતી. દુકાનમાં જે ડીપ ફ્રીઝર રાખવામાં આવ્યું હતું તેમાં પણ તપાસ કરતા જીવિત જીવાતો ત્યાં ફરતી જોવા મળી હતી. પુષ્કળ પ્રમાણમાં ગંદકી અને મૃત ગરોળી મળી આવી હતી જેથી અન હાઈકેજનિક કન્ડિશન હોવાને લઈને છસ્ઝ ફૂડ વિભાગની ટીમ દ્વારા તાત્કાલિક અસરથી અચોક્કસ મુદત માટે ઉદ્ગર પીઝા એન્ડ ભેળ હાઉસને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે.


ઉત્તરાયણ નિમિત્તે ઉંધીંયુ અને જલેબી મળશે

વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
૨૦ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ચીકી, લીલવાની કચોરી, તલના લાડુ અને મમરાના લાડુ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ.મો : ૯૮૨૪૧૪૧૯૧૭

ઓફિસ ગર્લ જોઈએ છે
રાણીપ સ્થિત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ ઓફિસ માટે
: લાયકાત :
ટેલીકોલીંગ + એડમિન વર્ક
એક્સપિરિયન્સ ધરાવતા ઉમેદવારોને પ્રાથમિકતા
શિક્ષિત મહિલાઓ જ સંપર્ક કરે
કમ્યુનિકેશન સ્કિલ સારી હોવી જોઈએ
સંપર્ક કરો
M : ૯૮૨૪૨૪૭૬૫૮, ૬૩૫૨૯૩૧૯૪૨

Digital India Power To Empower
ડ્રાઈવીંગ લાયસન્સ
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
CSC e-Governance Services India Limited
સ્માર્ટ કાર્ડ | GST રજીસ્ટ્રેશન | આધાર કાર્ડ | પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર | ટુ વ્હીલર ઈન્સ્યુરન્સ | ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન | પાસપોર્ટ
લેમીનેશન | ફોર વ્હીલર ઈન્સ્યુરન્સ | રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ | ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ | લાઈફ ઈન્સ્યુરન્સ | આયુષ્માન કાર્ડ | બેન્કીગ સર્વિસ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430

## લોટસ પાર્ક પાછળ થશે ૧૨૦ કરોડનો ખર્ચ

# અમદાવાદના શેલામાં બનશે સૌથી મોંઘો બગીચો

અમદાવાદ : શહેરોમાં પ્રવાસન વધારવા માટે તેને આકર્ષણનું કેન્દ્ર બનાવી રહી છે. આ શ્રેણીમાં અમદાવાદ શહેરને નવો લુક આપવા જઈ રહી છે. ફલાવર શોની સફળતા બાદ હવે અમદાવાદને એક નવી ભેટ મળવા જઈ રહી છે. અમદાવાદ શહેરમાં ૮૦ કરોડના ખર્ચે ભવ્ય લોટસ પાર્ક બનાવવામાં આવી રહ્યો છે.આ બગીચો કમળ આકારનો હશે. જેમાં ભારતના અલગ અલગ રાજ્યોના ફૂલ ખીલશે. ઉપરાંત ફલાવર મ્યુઝિયમ અને ગ્લો ગાર્ડન પણ બનાવાશે. શહેરમાં અત્યાર સુધીનો સૌથી મોંઘો બગીચો બનશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીએ ગત ૬ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ મંજૂર કરાયેલા ૨૦૨૪-૨૫ના બજેટમાં એસ.જી.હાઈવે પર બગીચા માટે ૨૦ કરોડની ફાળવણી કરી હતી. તેને લોટ્સ પાર્ક અથવા ગારલેન્ડ ઓફ ઈન્ડિયા નામ આપવાનું નક્કી થયું હતું. તેની સંકલ્પના એવી હતી કે કમળના આકારના આ બગીચામાં ભારતના દરેક રાજ્યના રાજ્ય ફૂલોને પ્રદર્શિત કરવામાં આવશે. જે બાદ ૨૦૨૫-૨૬ના બજેટમાં વધારાના ૨૦ કરોડ ફાળવવામાં આવ્યા હતા. ત્યારથી આ પ્રોજેક્ટનું સ્થળ બદલાયું છે અને ખર્ચ વણ વધીને ૧૨૦ કરોડ થઈ ગયો છે, જે મૂળ કલ્પના કરતા છ ગણો વધારે છે.આ બગીચો અગાઉ જાહેર કર્યા મુજબ એસ જી હાઈવે પર નહીં પરંતુ શેલામાં કલબ o7 રોડ પર બનાવાશે.

આ લોટસ પાર્કની વિશેષતા એ હશે કે ૩૭ હજાર ચોરસ મીટરની જગ્યામાં દેશના તમામ રાજ્યોના ફૂલો એક જગ્યાએ જોવા મળશે. પ્રોજેક્ટનો આકાર કમળ જેવો છે. દરેક પાંખડી દેશના જુદા જુદા રાજ્યના ફૂલોનું પ્રતિનિધિત્વ કરશે. દેશના તમામ રાજ્યોની પાંખડીઓ ટેબલેટ સ્વરૂપે એક જગ્યાએ પ્રદર્શિત થશે.આ ભારતનો પ્રથમ અને સૌથી મોટો કમળ આકારનો ઉદ્યાન હશે. આ પ્રોજેક્ટ નેટ ઝીરો એનર્જી થીમ પર વિકસાવવામાં આવશે. આ પ્રોજેક્ટ લેન્ડસ્કેપ ડેવલપમેન્ટ, જાહેર સુવિધાઓ અને પાર્કિંગની વ્યવસ્થા સાથે તૈયાર થશે. જે દેશમાં આ પ્રકારનો પ્રથમ પ્રોજેક્ટ હશે. આ દરેક પાંખડીને ટેબ્લેટ ટેકનોલોજી દ્વારા નિયંત્રિત કરી શકાય છે. આ પ્રોજેક્ટ જે પ્રક્રિયા દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે તે પણ ચર્ચાનો વિષય બન્યો છે. સૂત્રોએ જણાવ્યું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સામાન્ય રીતે વિવિધ પ્રોજેક્ટ્સ માટે ૫ વર્ષની મુદત માટે આર્કિટેક્ટ્સની પેનલ રાખે છે, પરંતુ આ પ્રોજેક્ટ માટે પેનલની બહારના જ એક કન્સલ્ટન્ટની નિમણૂક કોઈ પણ સત્તાવાર ટેન્ડર પ્રક્રિયા વગર કરવામાં આવી હતી. વધુમાં, પેનલના આર્કિટેક્ટ્સ ઓછા દરે ઉપલબ્ધ હોવા છતાં, આ કન્સલ્ટન્ટને વધુ ફી પર રાખવામાં આવ્યા છે.

### લોટ્સ પાર્ક પ્રોજેક્ટની મુખ્ય વિશેષતાઓ:

આ બગીચો શેલામાં ઘાતલા તલાવડી પાસે ૩૭,૦૩૩ ચોરસ મીટર જમીન પર બનશે.
તેમાં ક્લબ O7 રોડથી ૩૦ મીટરનો પ્રવેશદ્વાર હશે.
પ્લોટના ૪૦% ભાગમાં એસેમ્બલી જેવું માળખું હશે, જેની મહત્તમ ઊંચાઈ ૪૫ મીટર હશે.
બગીચાની અંદર ફલાવર મ્યુઝિયમ, સ્પા, સોવેનિયર શોપ, મલ્ટીમીડિયા થિયેટર અને બેસવા માટે ખુલ્લી જગ્યાઓ હશે.
મુલાકાતીઓ પાસેથી એન્ટ્રી ફી લેવામાં આવશે.
બાજુના પ્લોટમાં 'ગ્લો ગાર્ડન' બનાવવાનું પણ આયોજન છે.

## અમદાવાદના તબીબો બેટ-બોલ સાથે મેદાને

# 'AMA પ્રીમિયર લીગ ૨૦૨૬' બોક્સ ક્રિકેટ ટૂર્નામેન્ટનો શાનદાર પ્રારંભ

અમદાવાદ, ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ : અમદાવાદ મેડિકલ એસોસિએશન (AMA) દ્વારા તબીબી જગતના સભ્યોમાં એકતા, ખેલદિલી અને ભાઈચારો વધારવાના હેતુથી 'છસ્છ પ્રીમિયર લીગ ૨૦૨૬' બોક્સ ક્રિકેટ ટૂર્નામેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે આ લીગમાં શહેરની વિવિધ હોસ્પિટલો અને સ્પેશિયાલિટીઝમાંથી ૩૨ થી વધુ ટીમો ઉત્સાહભેર ભાગ લઈ રહી છે.

અમદાવાદ મેડિકલ એસોસિએશન (AMA) દ્વારા આ ટૂર્નામેન્ટનો પ્રારંભ એક ઐતિહાસિક ક્ષણ સાથે થયો હતો. ટૂર્નામેન્ટનો ભવ્ય ઉદ્ઘાટન સમારોહ વાસણી બોક્સ ક્રિકેટ ખાતે યોજાયો હતો. નોંધનીય છે કે, એસોસિએશનના ઈતિહાસમાં પ્રથમ વખત ઉદ્ઘાટન સમારોહ પૂર્વ અમદાવાદમાં રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના વરિષ્ઠ હોદ્દેદારો અને મહાનુભાવોએ હાજર રહીને ખેલાડી તબીબોનો ઉત્સાહ વધાર્યો હતો.

આ ટૂર્નામેન્ટ અંગે વિગતો આપતા ડૉ. જિજ્ઞેશ શાહ જણાવાયું હતું કે, તબીબો પોતાની ક્લિનિકલ જવાબદારીઓ અને વ્યસ્ત શિડ્યુલમાંથી સમય ફાળવીને મેદાનમાં ઉતર્યા છે.

આ ઉપરાંત


આ સ્પર્ધા લિગ-કમ-નોકઆઉટ ફોર્મેટમાં રમાઈ રહી છે.

આગામી અઠવાડિયામાં પૂર્વ અને પશ્ચિમ અમદાવાદના વિવિધ મેદાનો પર ગ્રુપ મેચો રમાશે. તેનો મુખ્ય હેતુ તબીબોમાં શારીરિક સુસજ્જતા વધારવી, માનસિક તણાવ દૂર કરવો અને પરસ્પર જોડાણ મજબૂત કરવાનો છે.

"સ્કેલ્પેલ અને સ્ટેથોસ્કોપની પેલે પાર"

"Beyond Scope of Scalpel and St^ahoscope" ના સૂત્ર સાથે યોજાયેલી આ ટૂર્નામેન્ટ અમદાવાદના મેડિકલ એસોસિએશનની ગતિશીલતા અને એકતાનું પ્રતીક બની રહી છે. પ્રમુખ ડૉ. જિજ્ઞેશ શાહ અને માનદ મંત્રી ડૉ. મૌલિક શેઠના માર્ગદર્શન હેઠળ સમગ્ર આયોજનને આખરી ઓપ આપવામાં આવ્યો છે.સમગ્ર મેડિકલ ફ્રેટર્નિટીમાં આ ઈવેન્ટને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને મોટી સંખ્યામાં સભ્યો મેચો નિહાળવા ઉમટી રહ્યા છે

**મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે**
**મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી**







Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.